# eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 266
April 08, 2011




## National Conference on **Sustainable Cities:** ‘Satathya : Promoting better life
## સાતત્ય : રાષ્ટ્રીય પરિસંવાદ
### તા.૦૪/૦૪/૨૦૧૧ (પ્રથમ દિવસ)

સુરત મહાનગરપાલિકા ધ્વારા અન્ય સહયોગીઓ ધી સધર્ન ચેમ્બર ઓફ કોમર્સ, ACCCRN, તારૂ, જી.એસ.ડી.એમ.એ., ગેપીલ, એન્વાયરો કંટ્રોલ એસોસીએટસ, સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી..... વિગેરેના સહયોગથી આજે તા. ૦૪/૦૪/૨૦૧૧ ના રોજ સાયન્સ સેન્ટર ખાતે "સસ્ટેનેબલ સીટીઝ"ના વિષય પર એક રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ. જેનું ઉદ્દઘાટન માન. રાજય કક્ષાના મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદ હસ્તે થયેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## National Conference on **Sustainable Cities**: ‘Satathya : Promoting better life’
## સાતત્ય : રાષ્ટ્રીય પરિસંવાદ
### તા.૦૫/૦૪/૨૦૧૧ (બીજો દિવસ)



સદરહુ સેશનના ચેરમેન શ્રી પી.એલ.પટેલ, પ્રોફેસર SVNIT અને સ્પીકર તરીકે શ્રી ઈમાની કુમાર, એકઝી.ડાયરેકટર ECLEI–સાઉથ એશિયા, શ્રી જી.કે.ભટ્ટ, ડાયરેકટર તારૂ, ડો.મીસ રેજીના દુબે, સીનીયર એડવાઈઝર એન્ડ હેડ, જીઆઈઝેડ ઓફિસ તથા ડો.દિનેશ ચાંદ, જોઈન્ટ એડવાઈઝર (CPHEEO) હાજર હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આગમી તા.૧૪–૦૪–૨૦૧૧ "ડો.બાબા સાહેબ આંબેડકર જયંતિ" નાં દિવસે મ્યુનિસીપલ કોર્ટમાં "લોક અદાલત"

સુરત શહેરનાં નાગરિકો ધ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુરત મહાનગરપાલિકા તરફથી ધી બી.પી.એમ.સી.એકટ તથા શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે આગામી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## National Conference on **Sustainable Cities**: 'Satathya : Promoting better life'

## સાતત્ય : રાષ્ટ્રીય પરિસંવાદ

### તા.૦૪/૦૪/૨૦૧૧ (પ્રથમ દિવસ)



સુરત મહાનગરપાલિકા ધ્વારા અન્ય સહયોગીઓ ધી સધર્ન ચેમ્બર ઓફ કોમર્સ, ACCCRN, તારૂ, જી.એસ.ડી.એમ.એ., ગેપીલ, એન્વાયરો કંટ્રોલ એસોસીએટસ, સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી..... વિગેરેના સહયોગથી આજે તા. ૦૪/૦૪/૨૦૧૧ ના રોજ સાયન્સ સેન્ટર ખાતે ''સસ્ટેનેબલ સીટીઝ''ના વિષય પર એક રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ. જેનું ઉદ્દઘાટન માન. રાજય કક્ષાના મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદ હસ્તે થયેલ.

સમારંભના પ્રમુખ પદે સુરત શહેરના મેયરશ્રી રાજુભાઈ દેસાઈ ઉપસ્થિત રહેલ તથા સમારંભમાં સાંસદશ્રીઓ શ્રી પ્રવિણભાઈ નાયક અને શ્રીમતી દર્શનાબેન જરદોશ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ તથા ટેરી(TERI)ના શ્રી સંજીવી સુંદર હાજર હતા. આ સમારંભમાં શહેરના જાણીતા ઉદ્યોગ–સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, તજજ્ઞો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી તેમજ અર્ધ–સરકારી અધિકારીશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ, રાજયના શહેરી વિકાસને લગતા વરિષ્ઠ અધિકારીશ્રીઓ હાજર હતા. આ પરિસંવાદમાં દક્ષિણ ગુજરાતના શહેરોના પ્રમુખ અને ચીફ ઓફિસરશ્રી, રાજકોટ, જુનાગઢ, વડોદરાના શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન, અધિકારીગણ, હુડકો(દિલ્હી)ના ડેપ્યુટી ચીફ વિગેરે સહિત રાજય બહારના અધિકારીશ્રીઓ તથા ડેલીગેટસએ ભાગ લીધો હતો. આ પરિસંવાદમાં ખુબ મોટી સંખ્યામાં, અંદાજે ૩૦૦ થી વધુ ડેલીગેટસએ હાજરી આપી હતી.



સમારંભની શરૂઆત દિપ પ્રાગટયથી કરાઈ હતી. મ્યુનિ. કમિશ્નરશ્રી કુ. એસ. અર્પણાએ સ્વાગત તેમજ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. તેઓએ શહેરીકરણથી થતા ફાયદાઓની સાથે સાથે પડકારોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેઓએ સાતત્યપૂર્ણ કામગીરીની પ્રાથમિકતા અને અગત્યતા પર ભાર મુકયો હતો. તેઓએ શહેરીકરણને લીધે ઉભી થતી શહેરોની પ્રાથમિક સુવિધાઓની વિકટ પરિસ્થિતિથી પણ શ્રોતાગણોને માહિતગાર કર્યા હતા.

**Continue …**

રાજય કક્ષાના મા.મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ ''ગો ગ્રીન, ગ્રીન જીન'' ના શપથ તમામ હાજર ડેલીગેટસને લેવડાવ્યા હતા. મુખ્ય વકતા શ્રી સંજીવી સુંદર સાહેબે ''સસ્ટેનેબીલીટી''ની જરૂરીયાત પર ખુબ પ્રેરણાત્મક અને માહિતીસભર પ્રવચન કરેલ. તેઓના મતે પૂરતુ અને સ્વચ્છ પાણી મળવાની શરતે, લોકો પાણી માટે પણ ખર્ચ કરવા તૈયાર છે. તેમજ તેમણે ઘન કચરાના નિકાલ અર્થેની લેન્ડ ફીલ સાઈટોની સાચવણી કરવા તેમજ બીલ્ડીંગોને ગ્રીન બીલ્ડીંગના ધોરણોના આધારે બનાવવા સુચન કરેલ. તેમણે વ્યકિતગત વાહનોની સંખ્યામાં થતા વધારા પર ચિંતા વ્યકત કરી બિન યાંત્રિક તેમજ પબ્લીક ટ્રાન્સપોર્ટ સીસ્ટમ અપનાવવા પર ભાર મુકયો હતો. તેમણે પારદર્શક વહીવટને મૂળભુત મુદ્દો ગણાવી કલાયમેટ ચેન્જના પડકારોને ઝીલવા શહેરોને સજજ થવા જણાવ્યું. વધુમાં, આપત્તિ સમયે સુરતે કરેલ કાર્યવાહીની પ્રશંસા કરી હતી. સુરતે ''એનર્જી ઓડીટ'' અને ''વેસ્ટ ટુ પાવર''માં કરેલ કામગીરીને બીરદાવી હતી. આવી સારી કામગીરીને કાયમી પ્રથા બનાવવા પર ભાર મૂકયો હતો.

રાજય કક્ષાના મા.મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમની લાક્ષણિક શૈલીમાં ઉદ્બોધન કરતા શ્રોતાઓને ''સસ્ટેનેબીલીટી'' વિષયની એટલે કે સાતત્યપૂર્ણ વિકાસ અંગેની સમજ આપી હતી તથા તેઓએ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરેલ કામગીરીને ખુબ બીરદાવી હતી. તેઓએ સુરતના વહીવટદારોની કાર્યપ્રણાલિને ''સુરતના લોકો પ્રત્યે કાળજી''–''The City that always care'' ની ઓળખ આપી હતી. સુરત એક જમાનાના ગંદા શહેરના બિરૂદથી સુંદર અને સ્વચ્છ શહેર બન્યું હોવાનું જણાવી ખુબજ પ્રશંસા કરેલ.

સમારંભના અંતમાં ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખશ્રી અજોય ભટ્ટાચાર્યએ હાજર રહેલ ડેલીગેટસ સહિત તમામનો આભાર માન્યો હતો.

આ પરિસંવાદની સાથેસાથે સાયન્સ સેન્ટરની આર્ટ ગેલેરી ખાતે સસ્ટેનેબલ સીટીના વિષયોચિત પ્રદર્શન પણ રાખવામાં આવેલ છે, આ પ્રદર્શનમાં કુલ–૧૫ સ્ટોલ છે. પ્રદર્શનનું ઉદ્ઘાટન માન. રાજય કક્ષાના મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદ હસ્તે થયેલ. આ પ્રદર્શનમાં સુરત મહાનગરપાલિકા તથા અન્ય સંસ્થાઓ ધ્વારા કરવામાં આવતી વિશિષ્ટ કામગીરી તથા મેળવેલ સિધ્ધિની વિગતો પ્રદર્શિત કરેલ છે. આ પ્રદર્શન જાહેર જનતાના લાભાર્થે બે દિવસ માટે ખુલ્લુ રહેશે.

આ પરિસંવાદના પ્રથમ ટેકનીકલ સેશન આજરોજ યોજાયેલ, જેમાં ચેર પર્સન તરીકે શ્રી પરસી એન્જીનીયર, પ્રિન્સીપલ (SCET કોલેજ) હતા. સદર સેશનમાં ત્રણ વકતાઓએ તેમનું વકતવ્ય આપેલ. જેમાં NIUA, દિલ્હીના શ્રી ચેતન વૈદ્ય, CEPT, અમદાવાદના શ્રીમતી નીતિકા શર્મા અને NCRPB, દિલ્હીના શ્રી રાજેશ શુકલા ધ્વારા વિવિધ પાસાઓ પર પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ.

આવતીકાલે ''પોલીસી ફોર સસ્ટેનેબીલીટી'' અને''સ્ટ્રેટેજી ફોર સસ્ટેનેબીલીટી'' ના વિષયે બે ટેકનીકલ સેશન અનુક્રમે સવારે ૯–૦૦ થી ૧૧–૦૦ તથા ૧૧–૦૦ થી ૧–૦૦ દરમ્યાન યોજવામાં આવેલ છે. જેમાં આ વિષયોના તજજ્ઞો ધ્વારા તેઓના અનુભવોને આધારે વકતવ્ય આપશે. આ રાષ્ટ્રીય પરિસંવાદનું સમાપન બપોરે ૨–૦૦ કલાકે રાખવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજયના માન.મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ સાહેબ ઉપસ્થિત રહી વિષયોચિત વકતવ્ય રજુ કરશે.

**TOP**

National Conference on **Sustainable Cities**: 'Satathya : Promoting better life'

**સાતત્ય : રાષ્ટ્રીય પરિસંવાદ**

તા.૦૫/૦૪/૨૦૧૧ (બીજો દિવસ)

**ટેકનીકલ સેશન–૨ પોલિસી ફોર સસ્ટેનેબીલીટી**





સદરહુ સેશનના ચેરમેન શ્રી પી.એલ.પટેલ, પ્રોફેસર SVNIT અને સ્પીકર તરીકે શ્રી ઈમાની કુમાર, એકઝી.ડાયરેકટર ECLEI–સાઉથ એશિયા, શ્રી જી.કે.ભટ્ટ, ડાયરેકટર તારૂ, ડો.મીસ રેજીના દુબે, સીનીયર એડવાઈઝર એન્ડ હેડ, જીઆઈઝેડ ઓફિસ તથા ડો.દિનેશ ચાંદ, જોઈન્ટ એડવાઈઝર (CPHEEO) હાજર હતા.

રેજીના દુબે – ફ્રોમ પ્લાનીંગ ટુ ઈમ્પલીમેન્ટેશન

તેઓએ પ્રથમ ઓર્ગેનાઈઝરની કાર્યપધ્ધતિની પ્રશંસા કરી,પ્રેઝન્ટેશનમાં પોતાની સંસ્થા વિશે પ્રાથમિક વિવરણ આપી સસ્ટેનેબલ હેબીટેટનો ઉદેશ્ય સમજાવ્યો હતો. તેઓ JnNURM અંતર્ગત સીટી–સલાહકાર તરીકે કામ કરે છે. અને અમુક શહેરોમાં રીસર્ચ કરે છે. ભારત દેશને તેઓએ Secure કરવાની વાત કરી હતી, ફકત નાણાં આપવાથી પ્રદેશ સસ્ટેનેબલ બનતું નથી. ગરીબો અને મધ્યમ વર્ગના લોકોને સામાજીક સુરક્ષા અને આવાસ આપવા જરૂરી હોવાનું જણાવી, તેના માટે નીતિ બનાવવા પર તેમજ જન–સમુદાયની જાગૃતતા અને જાહેરાત/પ્રચાર પર વધારે કામ કરવાની જરૂરિયાત જણાવી હતી. PIU to be institutionalise and incentivise the performance. લેન્ડ યુઝ પ્લાનીંગ અને ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટને સમાંતર કરવા સુચન કરેલ. કલાઈમેટ ચેઈન્જને એફોર્ડેબલ હાઉસીંગ સાથે મુખ્ય પ્રવાહમાં લાવવા જણાવેલ.

ઈમાની કુમાર – ICLEI: સીટીઝ એન્ડ કલાઈમેટ ચેઈન્જ

તેમણે સુરતે Climate Change માં કરેલ કામગીરી પર પ્રકાશ પાડયો હતો. તેમણે Carbon emission ની વાત કરી હતી, કલકતા સીટીને ભારતના કાર્બન કેપીટલ તરીકે ઓળખાવી નેશનલ એવરેજ(૧.૬)અને ઈન્ટર નેશનલ એવરેજ(૩.૨) કરતા સુરતનો કાર્બન એમીસન એવરેજ(૧.૦૫) ઓછો હોવાનું જણાવેલ. પર્યાવરણ બાબતે અમુક શહેરોએ ચોકકસ દિશામાં પ્રયાસ કર્યો હોવાનું જણાવેલ. કાર્બન એમીસનમાં મુખ્યત્વે ઈન્ડસ્ટ્રીયલ, ટ્રાન્સપોર્ટેશન અને કોમીર્શીયલ સેકટરનો ભાગ વધુ હોવાનું જણાવી સ્થાનિક સંસ્થાઓને કાર્બન સોલ્યુશન પર કામ કરવા સુચન કરેલ. કાર્બન સીટી કલાયમેટ રજીસ્ટ્રીનો ભાગ બનવા તમામ શહેરોને જણાવ્યું.

G. K.Bhat - TARU

તેઓએ સુરત શહેરના ઈતિહાસની ચર્ચા કરી હતી. સુરત નાના વેપારીઓનું શહેર હોવાનું જણાવેલ. તેઓએ શહેરીકરણના તમામ પાસાઓ જેવા કે ગવર્નન્સ, સર્વિસ, ઈકોલોજી – ઈન્ફ્રાસ્ટ્રકચર, રીસોર્સ અને પર્યાવરણને એક સાથે લઈને પ્લાનીંગ કરવા જણાવેલ. તેમજ આપણે સતત બદલાતાં વ્યવહાર માટે સજાગ અને તૈયાર રહેવું જોઈએ.

**Continue …**

Dr. Dinesh Chand - CPHEEO

ડો.દિનેશ ચાંદે ''સસ્ટેનેબલ હેબીટેટ – પ્રાયોરીટી ઓન અર્બન વોટર સપ્લાય એન્ડ સેનીટેશન'' ના વિષય પર સંબોધન કરેલ હતું. તેમણે શહેરની વધતી જન સંખ્યા, તેના વિકાસ, ખાસ કરીને શહેરોના પાણીને લગતાં પ્રશ્નો અને તેની અસરો પર ચર્ચા કરી હતી. મીલેનીયમ ડેવલપમેન્ટ ગોલ પ્રમાણે તમામને પાણી આપવાનો ટાર્ગેટ હજુ સુધી આપણે સર કરી શકયા નથી. અગિયારમી પંચવર્ષીય યોજનામાં ૧૦૦ ટકા વસ્તીને પાણી પહોંચાડવાનો નિર્ધાર કરવામાં આવેલ હોવાનું જણાવ્યું હતું. કેન્દ્ર સરકાર પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના માધ્યમથી પાણીના પ્રશ્નો હલ કરવા પર ભાર મુકે છે. તેમણે સ્થાનિક સત્તા મંડળ(ULB) હાલ ૨/૩ ચાર્જ વસુલ કરે છે, તેની સામે લોકો પાણી માટે વધુ ખર્ચ કરવા તૈયાર હોવાનું જણાવી સારી વ્યવસ્થા કરવા જણાવ્યું.

સેશનના અંતે શ્રોતાઓએ પ્રશ્નો પુછયા હતાં. જેના પ્રત્યુત્તરમાં વકતાઓએ જરૂરી સમજ અને માહિતી આપી હતી. સેશન ચેરમેન શ્રી પી.એલ.પટેલે તમામ વકતવ્યોનો ટુંકસાર રજુ કરેલ હતો.

ટેકનીકલ સેશન – ૩ સ્ટ્રેટેજીસ ફોર સસ્ટેનીબીલીટી

સેશન ચેરમેન – શ્રી લેખન ઠકકર

વકતાઓશ્રીઃ

શ્રી સુનંદન તિવારી – પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર ECLEI,

શ્રી એન્ડ્રુસ લ્યુક – ARUP ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ(યુ.કે.)

મીસ તનુશ્રી કુમાર – મોનીટર ઈન્ડિયા પ્રા.લિ.

શ્રી લેખન ઠકકરે સસ્ટેનેબલ ડેવલપમેન્ટના ક્ષેત્રમાં ગુજરાત સરકારે કરેલ કામગીરીનો ચિતાર આપ્યો હતો. ગુજરાત સરકારે રૂા.૧૦૦ કરોડથી વધારેની ફાળવણી કલાયમેટ ચેઈન્જ મીનીસ્ટ્રીને કરેલ હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

શ્રી સુનન્દન તિવારી – લોકલ સેકશન ફોર બાયોડાયવર્સીટીના વિષય પર પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું. Biodiversity is not just a luxury for the rich. It is the necessity of the poor. તેઓએ સ્થાનિક સંસ્થાઓની બાયોડાયવર્સિટી પ્રત્યેની જવાબદારી તથા કાર્યપધ્ધતિ પર ચર્ચા કરી હતી. તેમણે બાયોડાયવર્સીટીના મહત્વ અને મતલબની ચર્ચા કરી હતી. તેમણે Biodiversity અને સસ્ટેનેબીલીટીને જોડતી મહત્વની કડીઓ સમજાવી હતી.

એન્ડ્રુઝ લ્યુક – સીટીઝ એન્ડ કલાયમેટ ચેઈન્જ રેઝીલીયન્સ

તેમણે કલાયમેટ ચેઈન્જથી થતી અસરો બાબતે શ્રોતાઓને માહિતગાર કર્યા હતા. (દા.ત. શહેરનું તાપમાન બદલાતા હાઈડ્રોલિક સાયકલ બદલાશે) Capacity to learn, institutionalise mechanisms અને safe failure ની સમજ આપી શહેરીકરણ અને કલાયમેટ ચેઈન્જના સંદર્ભમાં Resilience ને વ્યાખ્યાયિત કરેલ. Urban Resilience is about ecosystems. Cities depend on eco-system for well being. તેમણે અર્બન સીસ્ટમમાં વિજ્ઞાન અને વિકાસના અભિગમને સાંકળી Theory માંથી નીકળી હવે Practice કરવા પર જવા માટે ભાર મુકયો હતો.

મીસ તનુશ્રી કુમાર– Engaging the private sector in creating urban low income housing

તેઓએ ''પ્રાઈવેટ સંસ્થાઓની Affordable Housing માં ભૂમિકા'' વિશે પ્રેઝન્ટેશન કર્યુ હતું. તેમણે હાઉસીંગના વિવિધ પાસાઓ તેમજ આવકના પ્રમાણમાં આવાસની પરિસ્થિતીનો અંદાજ આપ્યો હતો. Affordable હાઉસીંગની પ્રોફેટીબીલીટી માર્કેટમાં છે તથા હાલ માર્કેટમાં આ સેકટર માટે ખુબ જ વધારે ડિમાન્ડ છે તે વિષય પર ચર્ચા કરી હતી તેમજ Housing Finance for informal Sector પર ખાસ મહત્વ મુકયુ હતુ.

શ્રી શશીકાંત ચોપડે - ISET એ Outputs / Outcomes and the sustainability path ના વિષય પર પ્રેઝન્ટેશન કર્યુ હતું. તેમણે રેસીલીયન્ટ સીટીના ગુણો બતાવ્યા હતા તેમજ કયા ઈન્ડીકેટર હોવા જોઈએ તેના પર ચર્ચા કરી હતી.

**Continue …**

ઘણા શ્રોતાઓએ તેઓના પ્રશ્નો રજુ કર્યા હતા. જેવા કે, હાઉસીંગ ડિઝાઈન, વેન્ટીલેશન, Biodiversity (જૈવિક–વિવિધતા) વિગેરે.

મ્યુનિ. કમિશ્નરે પણ ચર્ચામાં ભાગ લીધો હતો. તેમણે ખાસ કરીને ગરીબોના આવાસો તથા તેના પડકારોની સમજ આપી હતી. તેમણે સુરત મહાનગરપાલિકા ધ્વારા નબળા વર્ગના આવાસોમાં સામાજીક ક્ષેત્રમાં ધ્યાન આપવામાં આવે છે તેની વિગતો રજુ કરી હતી. તેમણે Community ના વિષય પર રીસર્ચ કરવાની જરૂરીયાત પર ભાર મુકયો હતો. વધુમાં, તેમણે Biodiversity Sense માટે આપેલ રજુઆતને બિરદાવી હતી. તેમજ સુરત મહાનગરપાલિકાએ આ ક્ષેત્રમાં કરેલ કામગીરીની ટુંકી વિગત આપી હતી. સેશન ચેરમેન શ્રી લેખન ઠકકરે સમગ્ર સેશનનો ટુંકસાર આપ્યો હતો.

**Plennary Session**

મ્યુનિ. કમિશ્નરશ્રીએ સ્વાગત પ્રવચન આપી મા.મંત્રીશ્રી જયનારાયણ વ્યાસને આવકાર્યા હતા. તેમણે એવી આશા વ્યકત કરી હતી કે, આ બે દિવસના પરિસંવાદથી કલાયમેટ ચેઈન્જ વિષય પર જાગૃતિ આવી હશે. તેઓએ ACCCRN મારફત સુરતે કરેલ કામગીરીની વિગતો માન.મંત્રીશ્રીને આપી હતી. તેમણે જણાવ્યું હતુ કે, સુરત પ્રથમ શહેર છે, જેણે City Resilience Strategy Document બનાવેલ છે. શહેરની તમામ સંસ્થાઓ જેવા કે, SVNIT, SGCCI, TARU નો સહકાર મળે છે તેવું જણાવી, સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓનો પણ આભાર માન્યો હતો.

CEPT ના શ્રી શિવાનંદ સ્વામીએ સમગ્ર બે દિવસના પરિસંવાદનો ચિતાર આપ્યો હતો, તેમણે જણાવ્યું હતું કે, સસ્ટેનેબીલીટી એક બહુ વર્ષોથી અપનાવાતી પ્રથા છે. તેમણે Conserve કરવા પર ભાર મુકયો હતો. તેમણે સમગ્ર ટેકનીકલ સેશનની ટુંકમાં સમજ આપી હતી. તેમણે કુદરતી સ્ત્રોત તેમજ ગવર્નન્સનો સુમેળ સાધવાનો ઉલ્લેખ કર્યો હતો. અર્થતંત્ર અને જીવન શૈલી વચ્ચે બેલેન્સ જાળવવા બાબતે પણ જણાવ્યું હતું. તેમણે સુરત શહેર એક એવું શહેર છે, જે ભવિષ્યની પેઢી માટે દરકાર કરે છે તેમ જણાવેલ.

શ્રી મુકેશ દલાલે પોતાના સમાપન રીમાર્કસમાં પરિસંવાદની સફળતા અન્વયે તમામને ખુબ અભિનંદન આપ્યા હતા. તેમણે આશા વ્યકત કરી હતી કે, આવા પરિસંવાદ ભવિષ્યમાં યોજાતા રહેશે. તેમણે CDP માટે ફરીથી અલગ દ્રષ્ટિકોણ લઈ બનાવવા જણાવ્યું હતું. તેમણે પર્યાવરણની સાચવણી કરવા જણાવ્યું હતું. તેમણે સુરત મહાનગરપાલિકા ધ્વારા આજદિન પર્યંત કરેલ વિવિધ કામગીરીનો ચિતાર આપ્યો હતો.

માન.મંત્રીશ્રીએ સસ્ટેનીબીલીટીના વિષય અંતર્ગત શહેરી ગરીબોના પ્રશ્નો પર એક પ્રભાવક પ્રેઝેન્ટેશન આપ્યું હતું. શહેરી ગરીબોની પરિસ્થિતિ ગામડાના ગરીબો કરતા વધારે ખરાબ હોવાનું જણાવી, વસ્તી વધારાના આંકડાથી માહિતગાર કરેલ. તેમણે જણાવ્યું હતું કે, નાણાંનો અભાવ ગરીબી માટેનું કારણ નથી. ગરીબો નાણાં કમાય જાણે છે પણ તેઓ તેનો વિવિધ કારણોસર સંચય કરી શકતા નથી. જેના કારણે તેઓ ગરીબીના ઉન્મુલન માટે જરૂરી સ્થાવર મિલ્કતો વસાવી શકતા નથી અને ગરીબીનું દુસ્ચક્ર તૂટી શકતું નથી. વધુમાં, કેટલાક સંજોગોમાં ગરીબોએ જીવન જરૂરીયાતની પ્રાથમિક સુવિધાઓ જેવી કે, કેરોસીન, ગેસ, આરોગ્ય વિગેરે માટે મધ્યમ વર્ગ કરતા વધારે નાણાં ખર્ચ કરવા પડે છે. ગરીબો ગર્વનન્સથી સૌથી દુર છે, શહેરી ગરીબોના સુધારા વગર સીટી સસ્ટેનેબીલીટી અશકય છે.

અંતમાં તારૂના પ્રતિનિધિએ આભાર વિધી કરી હતી.

**TOP**

## આગમી તા.૧૪–૦૪–૨૦૧૧ "ડો.બાબા સાહેબ આંબેડકર જયંતિ" નાં દિવસે મ્યુનિસીપલ કોર્ટમાં "લોક અદાલત"

સુરત શહેરનાં નાગરિકો ધ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુરત મહાનગરપાલિકા તરફથી ધી બી.પી.એમ.સી.એકટ તથા શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે આગામી તા. ૧૪–૦૪–૨૦૧૧ "ડો.બાબા સાહેબ આંબેડકર જયંતિ" નાં દિવસે મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ(મ્યુનિ.) સાહેબની કોર્ટમાં "લોક અદાલત" નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં આવા કેસો સમાધાનરૂપે ઓછા દંડથી નિકાલ કરવામાં આવનાર છે. જેથી આ લોક અદાલતનો મહત્તમ લાભ લેવા પક્ષકારોને અપીલ કરવામાં આવે છે.

TOP